### અરવલ્લી પોલીસ એક્શનમાં

# ક્ષમતા કરતાં વધુ મુસાફરો ભરતા વાહન ચાલકો સામે કાર્યવાહી શરૂ

## એલ.સી.બી.ની જેમ ઉઘરાણાં કરતી જિલ્લા ટ્રાફીક પોલીસ શાખાને વિખેરી નાખવા માંગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

બાયડ પોલીસ સ્ટેશનની હદમાં પોલીસના ઉઘરાણાંથી સેમી લકઝરી બસના છાપરે ઘેટાં-બકરાંની માફક મુસાફરો ભરીને વાહનો દોડી રહ્યા છે..તેવા અહેવાલ ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થતાં જિલ્લા પોલીસ વડા એક્શનમાં આવ્યા છે. મુસાફરી વાહનમાં ક્ષમતા કરતાં વધુ મુસાફરો ભરતા વાહન ચાલકો સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જિલ્લા પોલીસ વડાએ એલ.સી.બી.ની જેમ ઉઘરાણાં કરતી જિલ્લા ટ્રાફીક પોલીસ શાખાને વિખેરી પ્રમાણિક સ્ટાફની નિયુક્તિ કરી મુસાફરોને મોતના મુખમાં ધકેલાતાં બચાવી શકાય.





જિલ્લામાં ટ્રાફીક પોલીસ અને સ્થાનિક પોલીસના ખુલ્લા હપ્તારાજથી એસ.ટી. બસને ઓછા મુસાફરો મળે છે જેના કારણે સાબરકાંઠા એસ.ટી. ડીવીઝનને દૈનિક રૂા.૧ લાખની આવકની ખોટ જઈ રહી છે. મુસાફરો ભરીને દોડતા મોટાભાગના વાહનો ખાખી વર્દીના કે તેમના નજીકના સબંધીના હોવાથી પગલાં ભરાતાં નથી અને અન્ય વાહન ચાલકો પાસેથી પોલીસ સ્ટેશન દીઠ દર મહિને નિયત ઉઘરાણું કરી લેવામાં આવે છે. હોળી-ધુળેટીનો તહેવાર નજીક છે ત્યારે છેલ્લા ૪ દિવસથી જીપ, સેમી લકઝરી તેમજ અન્ય વાહનોમાં ઘેટાં-બકરાંની માફક મુસાફરો ભરીને વાહન ચાલકો દોડી રહ્યા છે તેના તસવીર સાથેના અહેવાલ તા.૨૬ માર્ચના રોજ ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થયા હતા. અહેવાલની ગંભીરતા સમજી જિલ્લા પોલીસ વડા સંજય ખરાત દ્વારા ટ્રાફીક પોલીસને વધુ મુસાફરો ભરીને દોડતા વાહન ચાલકો સામે સઘન કાર્યવાહીના આદેશ કર્યા છે. જો કે શેઠની શીખામણ ઝાંપા સુધી..ની ઉક્તિ અનુસાર માત્ર એકાદ-બે દિવસ ટ્રાફીક પોલીસ કડકાઈ દાખવશે અને ત્યારબાદ વાહન ચાલકને ખૂણામાં બોલાવીને ખિસ્સાં ભરશે.

**પોલીસ વડાના આદેશથી ટ્રાફીક પોલીસ, આર.ટી.ઓ. દોડતા થયા**

બાયડ : હોળી-ધૂળેટીના પર્વ દરમ્યાન વાહનોમાં મોતની મુસાફરીના અહેવાલ પછી પોલીસ તંત્રમાં હલચલ મચી હતી. રાજ્યના પાટનગરમાં પણ તેની નોંધ લેવાઈ હતી. અરવલ્લી પોલીસ વડાના આદેશથી શુક્રવાર સવારથી ટ્રાફીક પોલીસ અને આર.ટી.ઓ.ને મુસાફરો ભરી દોડતા વાહનો ડીટેઈન કરી જરૂરી કાર્યવાહીના આદેશ આપવામાં આવ્યા છે જેના કારણે દિવસ દરમ્યાન હાઈવે ઉપર સાંપો પડી ગયો હતો.

# ભ્રષ્ટ તંત્ર : માર્ચ મહિનામાં એક્શનમાં આવ્યું, નવા અધિકારી પર ખનિજ ચોરી અટકાવવાની જવાબદારી

## ખનિજના કેસમાં રૂા.૧૩૧ લાખ વસુલ્યા : અરવલ્લી ખાણખનિજ દ્વારા ૧૫ દિવસમાં રૂા.૫ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો : ૧૧ મહિનાની કામગીરીનો હિસાબ પણ રજૂ કરો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

અરવલ્લીના ખાણખનિજ વિભાગમાં ભ્રષ્ટાચાર ઉધઈની માફક પ્રસર્યો છે. માર્ચ મહિનો આવતાં ભ્રષ્ટ તંત્રએ પાછલા ૧૫ દિવસનો સારી કામગીરીનો રિપોર્ટ રજૂ કરી ૧૭ કેસમાં અંદાજે રૂા.૫ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. અત્યાર સુધીમાં બિનઅધિકૃત ખનિજના કેસમાં ચાલુ વર્ષે રૂા.૧૩૧ લાખ વસુલ્યા છે. તો પછી પાછલા ૧૧ મહિનાની કામગીરીનો હિસાબ જોવામાં આવે તો તંત્રની ભ્રષ્ટ રીતરસમનો પર્દાફાશ થઈ શકે છે. નવા જિલ્લા ખાણખનિજ અધિકારી જિલ્લામાં અગાઉના ભ્રષ્ટ અધિકારીઓના કારણે ફૂલી ફાલેલી ખનિજ ચોરીને અટકાવવાની મહત્વની જવાબદારી આવી છે. રાત્રિ દરમ્યાન નદીપટ તેમજ માર્ગો ઉપર



તપાસ થાય તો ખનિજ ચોરીનાં મોટાં રેકેટ સામે આવી શકે છે.

અરવલ્લી જિલ્લામાં અગાઉના ખાણખનિજ અધિકારી પણ ભ્રષ્ટાચારી હોવાના આક્ષેપ હતા અને પાટણમાં એ.સી.બી.ની ટ્રેપમાં રંગે હાથે ઝડપાયા હતા. જિલ્લામાં ક્વોરી ઉદ્યોગો પાસેથી તગડી ઉઘરાણી કરવામાં માહેર ખાણખનિજ વિભાગ ત્યારબાદ ઘોરનિંદ્રામાં પોઢી જાય છે. ખનન માફીયાઓ બેફામ બન્યા છે અને તેની પાછળ તંત્રનો અનહદ ભ્રષ્ટાચાર ચર્ચામાં માર્ચ મહિનો અને નાણાંકીય વર્ષના અંતિમ દિવસો ચાલી રહ્યા છે ત્યારે ખાણખનિજ વિભાગે વિગતવાર કામગીરીનો અહેવાલ જાહેર કર્યો છે. ખાણખનિજ વિભાગના ભૂસ્તરશાસ્ત્રી મન ચૌધરીએ ચાર્જ સંભાળ્યા પછી ખનન માફીયાઓમાં ફફડાટ ઉભો થયો છે તેમના માર્ગદર્શન હેઠળ જિલ્લાની ટીમ દ્વારા ચાલુ માસમાં ગેરકાયદે ધોરણે ખનિજ ખનન, વહન, સંગ્રહ બદલ ૧૭ કેસ કરી રૂા.૫ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. રૂા.૨૫ લાખની દંડનીય વસુલાત કરવા નોટિસ આપી છે.

# ઉમિયા પરિવાર સમાજ દ્વારા સન્માન કરવામાં આવ્યું

નેત્રામલી, તા,૨૬



ઉમિયા પરિવાર સમાજ ઇડરના ભાઈઓ દ્વારા એ.પી.એમ.સીમાં નિમણૂક થયેલ ચેરમેન હિતેન્દ્રભાઈ પટેલ તથા વાઈસ ચેરમેન રાહુલભાઈ પટેલનું સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું તેમજ ખૂબ ઉતરોત્તર પ્રગતિ કરો એવી શુભેચ્છાઓ ઉમિયા પરિવાર તરફથી પાઠવવામાં આવી.

# જિલ્લામાં બટાકાના કોલ્ડ સ્ટોરેજ હાઉસ્ફુલ થતાં ખેડૂતોની દોડધામ

## ખેડા જિલ્લાના કોલ્ડ સ્ટોરેજોમાં બટાકા મૂકવાની નોબત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ઓણસાલ વિષમ હવામાનની અવાર નવારની સ્થિતિ વચ્ચે બટાકાનું બમ્પર ઉત્પાદન છતાં બંન્ને જિલ્લાના કોલ્ડ સ્ટોરેજો હવે બટાકાનાં કટ્ટાંથી હાઉસ્ફુલ થઈ ગયાં છે. ખેતરોમાં હજુય બટાકા કાઢવાની કામગીરી ચાલી રહી છે. જેના કારણે અનેક ખેડૂતોને કોલ્ડ સ્ટોરેજમાં બટાકા મૂકવાની જગ્યા જ મળે તેમ ન હોવાથી ખેડા જિલ્લા સુધી ખેડૂતોને દોડવાની ફરજ પડી છે.



દર વર્ષે ખેડૂતો સારા ભાવ મળવાની આશાએ બટાકાનું મોટાપાયે વાવેતર કરતા હોય છે. જિલ્લાની આબોહવા અને જમીન શાકભાજીના રાજા ગણાતા બટાકાના પાક માટે અનુકુળ રહેતાં પાછલા કેટલાક વર્ષોથી ખેડૂતોને બટાકાની ખેતી ફળી છે જેના કારણે અન્ય ખેડૂતો પણ હવે બટાકાની ખેતીમાં ઝંપલાવી રહ્યા છે. આ વર્ષે ચોમાસા દરમ્યાન પાછોતરા વરસાદે ખરીફ ખેતીને અગણિત નુકસાન પહોંચાડ્યું હતું જેથી ખેડૂતોએ બટાકાની ખેતીમાં તેની ખોટ સરભર કરશું તેમ માની જિલ્લાના બાયડ, ધનસુરા, મોડાસા, માલપુર, મેઘરજ, તલોદ, પ્રાંતિજ, ખેડબ્રહ્મા, ઈડર, વડાલી, ભિલોડા સહિતના વિસ્તારોમાં ખેડૂતોએ હજારો હેક્ટર જમીનમાં ઉંચા ભાવે કચ્ચાયું તેમજ પોખરાજ બટાકાનું બિયારણ લાવી વાવેતર કર્યું હતું જેમાં સમયસર સિંચાઈનાં પાણીથી વાવેતરની માવજત કરવામાં આવતાં મોટાભાગના ખેતરો બટાકાની બમ્પર આવકથી ઉભરાઈ ગયાં છે. શિવરાત્રિનું પર્વ સંપન્ન થયા પછી પાક તૈયાર થતાં ખેડૂતોએ બટાકા કાઢવાની કામગીરી પૂરજોશથી શરૂ કરી દીધી હતી. બંન્ને જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજો આગળ બટાકા ભરવા માટે વાહનોની કતારો જોવા મળી. ત્યારબાદ પણ બટાકાનું ઉત્પાદન ચાલુ હોવાના કારણે નાના ખેડૂતોને સ્થાનિક કોલ્ડ સ્ટોરેજમાં બટાકા મૂકવા હોય તો પણ જગ્યા ન મળે તેવી સ્થિતિ ઉભી થઈ છે. બંન્ને જિલ્લાના કોલ્ડ સ્ટોરેજો આજે બટાકાની આવકથી હાઉસ્ફુલ થઈ જતાં અનેક ખેડૂતોને ખેડા જિલ્લાના કોલ્ડ સ્ટોરેજોમાં બટાકા મૂકવાની ફરજ પડી છે.

### દર્દીઓનું જીવન જોખમમાં

# ઉત્તર ગુજરાત યુનિ.માં એમ.બી.બી.એસ.માં નાપાસ છાત્રોને પાસ કરાવવાનું કૌભાંડ

## ધો.૧૦-૧૨ ના અનેક પરીક્ષા કેન્દ્રોને ખોટી ફરિયાદના આધારે પરેશાનીમાં મૂકનાર શિક્ષણ મંત્રી ઉપર પસ્તાળ પડી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

રાજ્યમાં બોગસ ડિગ્રી સર્ટી વેચાતા હોવાની અનેક ફરિયાદો સામે આવી છે. ઉત્તર ગુજરાતના એકાદ-બે જિલ્લામાં ગુના પણ નોંધાયા છે અને હવે રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગને હચમચાવતું ઉત્તર ગુજરાત યુનિ.માં એમ.બી.બી.એસ. નાપાસ છાત્રોને પાસ કરાવવાનું કૌભાંડ બહાર આવતાં જાત મહેનતે ઉંચુ મેરીટ લાવનારા મેડીકલ છાત્રો હતાશ થઈ ગયા છે. નાપાસ છાત્રો પૈસા ખર્ચીને કે પછી લાગવગથી પાસ થઈ જતા હોય તો તેઓ દર્દીઓની યોગ્ય સારવાર કરશે ખરા..?? આવું પાપ કરવામાં જે પણ કોઈ સામેલ હોય તેમની સામે દાખલારૂપ કાર્યવાહી થવી જોઈએ. ઉત્તર ગુજરાતમાં ધો.૧૦-૧૨ બોર્ડની પરીક્ષા દરમ્યાન ખોટી ફરિયાદના આધારે અનેક કેન્દ્રોમાં વિદ્યાર્થીઓને પરેશાન કરવામાં આવતા હતા. જેમાં સીધી આંગળીઓ શિક્ષણ મંત્રી કચેરી સુધી ચિંધવામાં આવી હતી. હવે એમ.બી.બી.એસ.માં નાપાસ છાત્રોને પાસ કરવાનું કૌભાંડ પ્રકાશમાં આવતાં શિક્ષણ મંત્રી ઉપર રીતસરની પસ્તાળ પડી છે. યોગ્ય તપાસ નહીં થાય તો પ્રજાનો એમ.બી.બી.એસ.ની પરીક્ષાની ઉત્તરવહી ચકાસનારા અધ્યાપકો ઉપરથી પ્રજાનો ભરોસો ડગમગી જશે.

એમ.સી.આઈ.ના અધ્યક્ષ સામે ભૂતકાળમાં અતિગંભીર આક્ષેપ થયા હતા અને અખબારોના પાને ચમક્યા હતા આ બધું માંડ ભૂલાયું છે ત્યારે ઉત્તર ગુજરાતના પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ.ના પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ.ની પરીક્ષામાં નાપાસ થયેલા કેટલાક છાત્રોને રીએસેસમેન્ટ પછી પાસ કરાવવાનું કૌભાંડ સામે આવતાં મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડીયાથી માંડી ગુજરાત સરકાર અને તેનો શિક્ષણ વિભાગ હચમચી ઉઠ્યો છે. એમ.બી.બી.એસ.માં નાપાસ થયેલા છાત્રને પાસ કરાવે છે તે ભાજપના નેતાનો પુત્ર હોવાનો આરોપ લાગ્યો છે. ત્યારે વર્ષ-૨૦૧૮માં ઉત્તર ગુજરાત યુનિ.એ પ્રથમવર્ષ એમ.બી.બી.એસ.ની પરીક્ષા યોજી હતી જેમાં ૧૦ છાત્રોની અગાઉથી ગોઠવણ કરી હોય કે પછી અન્યાય થયો હોય તે રીતે રીએસેસમેન્ટ માટે અરજી કરી હતી. જે પૈકીના મોટાભાગના વિદ્યાર્થીઓ પાસ થતાં કંઈક રંધાયું હોવાની આશંકા ઉભી થઈ હતી. આ મુદ્દે યુનિ. દ્વારા તપાસ સમિતિ નીમી હતી અને જેમાં ૩ વિદ્યાર્થીઓના નામ બહાર આવ્યા છે. વિદ્યાર્થીઓની જવાબવહીમાં મૂલ્યાંકન કરનાર નિરીક્ષકની સહી પણ નથી અને બ્લોક સુપરવાઈઝરના રિપોર્ટમાં જે બેઠક નંબર દર્શાવવામાં આવ્યો છે તે નંબર ઉપર ઉત્તરવહી કરતાં જુદા પડે છે. સમગ્ર પ્રકરણ બહાર આવતાં રાજ્યના ઉ.શિક્ષણ નિયામક દ્વારા તપાસ અધિકારીની નિમણૂંક કરવામાં આવી છે. શિક્ષણ મંત્રીએ અપેક્ષા મુજબ જ આ અંગે ન્યાયિક તપાસ કરીશું અને જે પણ કોઈ ગુનેગાર હશે તેમની સામે કાર્યવાહી કરવાની વાત કરી છે.

# રૂા.૧ લાખનો પુરસ્કાર : અરવલ્લી જિલ્લાની શહેરી અને ગ્રામ્ય વિસ્તારની શ્રેષ્ઠ શાળાઓ જાહેર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

**મોડાસાની મદની હાઈસ્કુલ શહેરી અને ધનસુરા તાલુકાની રમોસ હાઈસ્કુલ ગ્રામ્ય વિસ્તારમાં પ્રથમ**

અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા શાળાના ગુણવત્તાયુક્ત શિક્ષણ, ભૌતિક સવલતો ઈત્યાદી વિગતો ધ્યાને લઈ શહેરી અને ગ્રામ્ય વિસ્તારની શ્રેષ્ઠ શાળાઓ જાહેર કરવામાં આવી છે જેમાં મોડાસાની શ્રી એમ.આર.ટી.સી. મદની હાઈસ્કુલ શહેરી વિસ્તારમાં અને ધનસુરા તાલુકાના રમોસની એમ.એન.શાહ હાઈસ્કુલ ગ્રામ્ય વિસ્તારમાં પ્રથમ સ્થાને આવી છે. શાળાઓ વચ્ચે આ પ્રકારની સ્પર્ધાઓ જરૂરી છે જેના કારણે શાળાના આચાર્ય અને કેળવણી મંડળો વધુ સજાગ બને. શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં પ્રથમ આવેલી શાળાઓને સરકાર દ્વારા રૂા.૧ લાખનો પુરસ્કાર અપાશે.



જિલ્લાની બિનસરકારી અનુદાનીત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ પૈકી અનેક શાળાઓને પોતાના મકાન નથી એ તો ઠીક શૌચાલયની પણ અપૂરતી સુવિધા હોવાની વાસ્તવિક્તા હોવા છતાં રાજ્યનું શિક્ષણ વિભાગ ગ્રાન્ટ ઓછી કરવાના પેંતરા રચી રહ્યો છે જેના કારણે મંડળ સંચાલિત અનેક શૈક્ષણિક સંસ્થાઓ આગામી વર્ષોમાં બંધ થવાની દહેશત છે. કેટલીક શાળાઓમાં મંડળ આર્થિક રીતે સદ્ધર અને દાન મળતું હોવાથી ભૌતિક સુવિધાઓ વધારી રહી છે. અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા ગત વર્ષ તેમજ અગાઉના વર્ષોની શૈક્ષણિક સંસ્થાની શૈક્ષણિક પ્રવૃત્તિ, સહઅભ્યાસીક પ્રવૃત્તિ, સુવિધાઓ અને બોર્ડ પરિણામ વગેરેને ધ્યાને રાખી શહેરી અને ગ્રામ્ય વિસ્તારની શાળાઓની પ્રથમ અને બીજા સ્થાન માટે પસંદગી કરવામાં આવી છે. આવી શાળાઓને કોઈ પુરસ્કાર મળશે કે કેમ..?? તે જાહેર કરાયું નથી પરંતુ આવનારા દિવસોમાં અન્ય શાળાઓ પણ વર્તમાન શાળાઓની જેમ પોતાની શાળાઓનું નામ રોશન કરે તેવું કેળવણીકારો ઈચ્છી રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં મેઘરજ તાલુકાના કસાણાની શ્રી કે. એમ. મહેતા શબરી ઉ.મા. કન્યા વિદ્યાલય બીજા સ્થાને આવી છે.

## નિવૃત્ત આચાર્યની મહેનત રંગ લાવી



બાયડ : ધનસુરા તાલુકાના રમોસની એમ.એન.શાહ હાઈસ્કુલ ગ્રામ્ય વિસ્તારમાં હોવા છતાં શાળાના આચાર્ય અને વિષય શિક્ષકોની યોગ્ય મહેનતના કારણે દર વર્ષે શાળાનું બોર્ડનું પરિણામ ૯૦ ટકાથી વધુ આવતું હોય છે. શાળાના આચાર્ય મહેશભાઈ પટેલ(પૂંસરી)એ સાચા અર્થમાં કર્મયોગી આચાર્યની ભૂમિકા ભજવી રમોસ હાઈસ્કુલને જિલ્લાની અવ્વલ નંબરની શાળા બનાવી હતી. તેઓ ગત વર્ષે નિવૃત્ત થયા પરંતુ તેમની મહેનત રંગ લાવતાં આજે હાઈસ્કુલને જિલ્લા કક્ષાએ નામના મળી છે.

# સ્વામિત્વ પ્રોજેક્ટ : સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૪ લાખ ગ્રામ્ય મિલકત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાનું અભિયાન

## ડ્રોન ટેક્નોલોજીનો ઉપયોગ થશે, અગાઉના છબરડા પણ દુર થાય તેવી ખેડૂતોની માંગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

સરકાર હાઈટેક ટેકનોલોજીનો ઉપયોગ કરી પ્રજાને પણ અપડેટ કરી રહી છે. કેન્દ્રના પંચાયત રાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં મિલકતધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવા માટે સ્વામિત્વ પ્રોજેક્ટ અમલી બનાવ્યો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૪ લાખથી વધુ ગ્રામ્ય મિલકતધારકોને ડ્રોન ટેકનોલોજીથી માપણી કરી પ્રોપર્ટીકાર્ડ આપવાનું અભિયાન શરૂ કરવામાં આવશે. જેમાં ભારત-ગુજરાત સરકાર અને સર્વે ઓફ ઈન્ડીયા એમ ત્રણ વિભાગો દ્વારા સંયુક્ત કામગીરી કરવામાં આવશે. સ્વામિત્વ પ્રોજેક્ટ હેઠળ થનારો ખર્ચ મનરેગા યોજના અને ૧૫મા નાણાપંચની ગ્રાન્ટમાંથી કરવામાં આવશે અને આ માટે પંચાયતોને અધિકૃત કરવાનું નક્કી કરાયું છે. અગાઉ આકાશી સેટેલાઈટ મારફતે થયેલી જમીન માપણીમાં અનેક ખેડૂતો તબાહ થયા છે અને જે તે સમયની ભૂલોની પીડા ભોગવી રહ્યા છે. વારંવાર ડી.આઈ.એલ.આર. કચેરીમાં રજૂઆતો પછી પણ ફરિયાદોની સંખ્યામાં ઘટાડો થયો નથી અને હવે કેન્દ્ર અને રાજ્ય સરકાર સહિત એજન્સી સાથે મળી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૬૦૦થી વધુ ગામડાની પ્રજા કે જે ગ્રામ્ય વિસ્તારમાં મિલકત ધરાવે છે તેમને પ્રોપર્ટીકાર્ડ આપવાનું અભિયાન શરૂ કરવા જઈ રહી છે. મિલકતોની ડ્રોનથી માપણી કરવાની છે અને તેના એક દિવસ અગાઉ મિલકત સબંધે ચૂનાથી માર્કીંગ કરાશે અને તેના આધારપુરાવા માલિકો પાસેથી મેળવી લેવામાં આવશે. જે કિસ્સાઓમાં મિલ્કતની માલિકી સરકાર અને પંચાયતની સંયુક્ત હોય એવા કિસ્સાઓમાં દાવા રજૂ કરતી વખતે તલાટી કમ મંત્રી, સરપંચ અને તાલુકા પંચાયતના ઈજનેરની સેવાઓ લેવામાં આવશે. આ સમગ્ર રેકોર્ડ ડી.આઈ.એલ.આર.ને પૂરો પાડવામાં આવશે. ગુજરાત સરકારે યોજનાની ગાઈડલાઈનનો સ્વીકાર કર્યા પછી સ્વામિત્વ પ્રોજેક્ટની અમલવારી શરૂ થવા જઈ રહી છે.

# હિંગળાજ ગ્રામપંચાયતને ચેક એનાયત કરવામાં આવ્યો

નેત્રામલી, તા. ૨૬

ઈડર તાલુકાના હિંગળાજ ગામ ખાતે જળ અને સ્વચ્છતા સમિતિની વાસ્મો સાબરકાંઠા દ્વારા હિંગળાજ ગ્રુપ ગ્રામ પંચાયતની પાણી સમિતિને પસંદ કરવામાં આવેલ હતી.જે પ્રોત્સાહન ના ભાગરૂપે અંકે પચાહ હજાર રૂપિયા નો ચેક વાસ્મો સાબરકાંઠા દ્વારા હિંગળાજ પંચાયતને આપવામાં આવેલ હતો. હિંગળાજ ગામ જે ઈડર તાલુકાનું પ્રથમ ગામ તથા જિલ્લાનું બીજા નંબરનું ગામ જ્યાં વોટર મીટર દ્વારા ૨૪×૭ પાણી વિતરણનું કામ સંપૂર્ણપણે પૂર્ણ થયેલ છે જે માટે પસંદ થયેલ છે, જે માટે સરપંચ પટેલ હરેશકુમાર તથા પંચાયતના સભ્યો દ્વારા હૃદય પૂર્વક વાસ્મો ટીમ સાબરકાંઠાનો ખુબ ખુબ આભાર વ્યકત કર્યો હતો.




### હોળી પર્વ અગાઉ માતમ

# લાલસીપુર સબસ્ટેશન સામે બાઈક સ્લીપ થતાં ૨ ભાઈઓના મોત

## ચાલકને ગંભીર ઈજા : પંથકમાં શોકની કાલીમા છવાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

હોળી પર્વ નજીક આવતાં માર્ગો લોહી તરસ્યા બનયા છે. શુક્રવાર સવારે માલપુર તાલુકાના લાલસીપુર જી.ઈ.બી. સબસ્ટેશન સામે બાઈક સ્લીપ થતાં ગંભીર ઈજા થવાથી મસાર પરિવારના ૨ સગા ભાઈઓના મોત નિપજ્યા હતા. જ્યારે ચાલકને ગંભીર ઈજા પહોંચતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો છે. હોળી-ધૂળેટી પર્વ નજીક હોવાથી કપડાં ખરીદવા જઈ રહ્યા હતા ત્યારે મોતનો ભેટ્યાની વિગતો સામે આવી છે. એક સાથે મસાર પરિવારના ૨ પુત્રોની અર્થી ઉઠતાં આખું ગામ હિબકે ચડ્યું હતું. માલપુર પોલીસે બાઈક ચાલક જવાન વાલમભાઈ બારીયા(રહે. દેવદાંતી, તા.માલપુર) વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.



તાલુકાના ડબારણ ગામના જવાનભાઈ વાલમભાઈ બારીયા તેમજ ૨ ભાઈ નટવરભાઈ હાથીભાઈ મસાર(ઉ.૩૦ વર્ષ) અને રૂમાલભાઈ મસાર (ઉ.૨૭ વર્ષ)તા.૨૬ના રોજ તહેવારો નિમિત્તે બાઈક લઈને કપડાં ખરીદવા માટે ઘરેથી નિકળ્યા હતા જ્યાં હેલોદર-ચોરીવાડ રોડ ઉપર લાલસીપુર ગામની સીમમાં પૂરપાટ ઝડપે દોડતી બાઈક ઓચિંતિ સ્લીપ થઈ જતાં ત્રણેય જણ ફુટબોલની જેમ ઉછળીને રોડ ઉપર પટકાયા હતા જેમાં બે સગા ભાઈઓને માથા તથા શરીરના ભાગે ગંભીર ઈજા થવાથી બંન્નેનાં મોત નિપજ્યાં હતાં. કરૂણ દુર્ઘટનામાં હોળી-ધૂળેટીના તહેવાર સમયે એક જ પરિવારના બે ભાઈઓ મોતના મુખમાં ધકેલાઈ જતાં તહેવારોનો આનંદ શોકમાં ફેરવાયો છે. બનાવ અંગે કનુભાઈ મસુરભાઈ મસારની ફરિયાદના આધારે માલપુર પોલીસે ગુનો નોંધ્યો છે.